## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




કોરોના પછી આપણા ધર્મપૂસ્તકમાં એક વાક્ય બદલી નાખ... કે 'ઈશ્વર બધા હળી-મળીને રહે તો જ રાજી રહે...'

# શહેરમાં જલારામ જયંતિ ધામધૂમથી ઉજવાઈ





ગાંધીનગર, તા. ૧૧

સંત શિરોમણી જલારામબાપાની ૨૨૨મી જન્મજયંતિ નિમિત્તે શહેરના સેક્ટર-૨૯ સ્થિત જલારામ મંદિર ખાતે ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. કોરોનાને કારણે છેલ્લા બે વર્ષથી શોભાયાત્રા નીકળી ન હતી પરંતુ આ વર્ષે જલારામ મંદિરમાં વિધિવત પૂજ્ય જલારામબાપાની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. સવારે આરતી કરવામાં આવી હતી, ત્યારબાદ શોભાયાત્રા જેમાં નાની બાળાઓથી લઈ સમાજની બહેનોએ કળશ લઈ યાત્રાની શોભા વધારી હતી. જલારામ મંદિરથી શોભાયાત્રા ગુરૂ ભોજલરામ મંદિર સેક્ટર-૭ ખાતે પહોંચી હતી. જ્યાં શોભાયાત્રાનું ભાવભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. તમામ ભગવાનને અન્નકૂટ ભોગ ધરાવ્યો હતો. સાંજે મહાઆરતીમાં શહેરના ભાવિક ભક્તો ભાવભેર જોડાયા હતા. તમામ પ્રસંગોમાં લોહાણા સમાજના સૌ સાથે શહેરીજનો પણ હાજર રહ્યા હતા અને ખીચડી, બુંદી, ગાંઠિયાનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં એપીડોમી વો લોજીસ્ટ તરીકે ફરજો બજાવતા ગુલજારનો આજે જન્મ દિવસ હતો. તેમણે આરોગ્યના કર્મીઓને ચોકલેટ ખવડાવી મોં મીઠું કરાવ્યું હતું.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- જિલ્લાના ડિઝાસ્ટર મામલતદાર ગોવિંદભાઈને ચિકનગુનિયા થયો છે.
- જિલ્લાની ૧૯૬ પ્રા. શાળાઓમાં આજે નેશનલ એચીવમેન્ટ સર્વે અંતર્ગત કસોટીનું આયોજન છે.
- આત્મનિર્ભર ગ્રામયાત્રાના આયોજનને લઈ જિલ્લાતંત્ર દ્વારા તૈયારીઓ પૂરજોશમાં હાથ ધરાઈ છે.
- આત્મનિર્ભર ગ્રામયાત્રા માટે જિલ્લામાં બે રથ બનાવવામાં આવશે.
- ચ-રોડ પરના ટ્રાફિક સિગ્નલોમાં ટેકનીકલ ક્ષતિ ઉભી થતાં વાહનચાલકો આજે સાંજે અટવાઈ જવા પામ્યા હતા.
- ટેકનીકલ કે નોન ટેકનીકલ જગ્યાઓ પર કર્મચારીઓની નિવૃત્તિ બાદની નિમણૂંક હવે સરકારની મંજૂરી વગર આપી શકાશે નહિ તેવી સ્પષ્ટ સૂચનાઓ સાથે સરકારે પરિપત્ર કર્યો છે.
- આજે ખોરજના ગોવર્ધન હોલમાં મનપા દ્વારા સેવાસેતુ કાર્યક્રમ સવારે ૯ થી સાંજના ૫ દરમ્યાન યોજાશે.

### કડી સર્વવિશ્વવિદ્યાલયના ચેરમેન

# વલ્લભભાઈ પટેલ ઈન્ડિયન રેલવે ફાઈનાન્સ કોર્પોરેશનના ડિરેકટર તરીકે નિમાયા

ગાંધીનગર, તા. ૧૧

ભારતના રાષ્ટ્રપતિ દ્વારા વલ્લભભાઈ એમ. પટેલ (પ્રેસિડેન્ટ-કડી સર્વ વિશ્વવિદ્યાલય,



ગાંધીનગર, ચેરમેન-સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર અને ચેરમેન-કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી)ની નિયુક્તિ રેલવે મંત્રાલય અંતર્ગત કેન્દ્રિય જાહેર ક્ષેત્રના ઉપક્રમ 'ઈન્ડિયન રેલવે ફાઈનાન્સ કોર્પોરેશન', (IRFC) નવી દિલ્હીમાં નોન-ઓફિશિયલ ઈન્ડિપેન્ડન્ટ ડાયરેક્ટર તરીકે તા. ૯ નવેમ્બર, ૨૦૨૧થી ત્રણ વર્ષ માટે કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે 'ઈન્ડિયન રેલવે ફાઈનાન્સ કોર્પોરેશન' (IRFC)ની સ્થાપના ભારતીય રેલવેના એક સમર્પિત નાણાંકીય સ્ત્રોત તરીકે ભારતીય અને વિદેશી બજારોમાં નાણાંભંડોળ એકત્ર કરવા માટે વર્ષ ૧૯૮૬માં કરવામાં આવી હતી. IRFCનો મૂળભૂત ઉદ્દેશ ભારતીય રેલવેની આવશ્યકતાઓની પૂર્તિ કરવા માટે ફાળવેલ અંદાજપત્રીય સંસાધનો ઉપરાંત કંપની દ્વારા બજારમાંથી સ્પર્ધાત્મક દરે અને શરતે નાણાંભંડોળ ઊભું કરવાનો છે. વધુમાં રાષ્ટ્રની માંગને પહોંચી વળવા માટે IRFC અસક્યામતોના સર્જન અને તેને ભારતીય રેલવેને લીઝ આપવામાં મદદરૂપ થાય છે.

વલ્લભભાઈ એમ. પટેલ નોન-ઓફિશિયલ ઈન્ડિપેન્ડન્ટ ડાયરેક્ટર તરીકે કંપનીના બોર્ડનો હિસ્સો હશે અને IRFCને તેના સંસાધનોનો યોગ્ય રકીતે ઉપયોગ કરવામાં મદદરૂપ નીવડી એક માર્ગદર્શક પરિબળ બની રહેતાં કોર્પોરેશનને ગૌરવ શિખરો સર કરવા માટે સક્ષમ બનાવશે. આમ તેઓશ્રી બોર્ડના અન્ય સભ્યો સાથે ૨૧મી સદીમાં 'નવા ભારત'ના સ્વપ્નને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરશે

# વેદ ઈન્ટરનેશનલ સ્કુલ નવા અભિગમ સાથે વિદ્યાર્થીઓને ઉમદા શિક્ષણ આપશે

**તા ૧૩ અને ૧૪ નવેમ્બરથી સંસ્થા દ્વારા નવા સંકુલ અને બિલ્ડીંગમાં નર્સિંગ કોલેજ શરૂ થશે : કે.જી.થી ધો-૧૦ના વિદ્યાર્થીઓ પણ અભ્યાસ કરી શકશે : વિદ્યાર્થીઓને અગ્નિ, જળ, આકાશ, વાયુ અને પૃથ્વી તેમ પાંચ તત્વો આધાારિત શિક્ષણ અપાશે : સંસ્થા નવી શિક્ષણ પ્રણાલીને ધ્યાનમાં રાખી શિક્ષણ ક્ષેત્રે નવી કેડી કંડારશે**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં શિક્ષણનો નવો અભિગમ કેળવી બાળકોના સર્વાંગી વિકાસ માટે નગરની વેદ ઈન્ટરનેશનલ સ્કુલે વિદ્યાર્થીઓને પાંચ તત્વ આધારિત શિક્ષણ આપવાની શરૂઆત કરી છે. છેલ્લા ૨૫ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર સંસ્થા વેદ ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા આગામી નવા શૈક્ષણિક સત્રથી કે જી ધો -૧૦ ના વર્ગો પણ શરૂ કરવામાં આવ્યા છે. જયારે આ માટે શાળાનુ નવુ બિલ્ડીંગ પણ તૈયાર કરી દેવાયુ છે. જેમાં અગ્નિ , વાયુ , જળ, આકાશ અને પૃથ્વી નામના પાંચ તત્વને આધારિત વર્ગ ખંડો તૈયાર કરી વિદ્યાર્થીઓને નવી શિક્ષણ પધ્ધતિ મુજબ શિક્ષણ પુરુ પાડવા કમર કસી છે. વેદ ઈન્ટરનેશનલ સ્કુલમાં હવે અદાણી સ્પોર્ટસ એકેડમી પણ કાર્યરત થશે. જેમાં અભ્યાસની સાથે વિદ્યાર્થીઓને ક્રિકેટ, વોલીબોલ, ફુટબોલ, ટેનિસ, કેરમ ચેસ સહીતની રમતોનુ પણ કોચિંગ અપાશે. સંસ્થા દ્વારા પરફોર્મિંગ આર્ટસ નામનો પણ એક નવો વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. સંસ્થા દ્વારા તા ૧૩ અને ૧૪ નવેમ્બરથી આદર્શ નિકેતન નર્સિંગ કોલેજ અને સ્પોર્ટસ કેમ્પસની શરૂઆત કરવામા આવશે.

ગાંધીનગરમાં સરગાસણ સ્થિત વેદ ઈન્ટરનેશનલ સ્કુલ દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી ધો -૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. જયારે વેદના તેજસ્વી વિદ્યાર્થીઓ અત્યાર સુધી બોર્ડ પરિણામ અને નીટ તેમજ જે ઈ ઈની પરીક્ષામાં પણ ઝળકયા છે. સંસ્થા દ્વારા તા ૧૩ અને ૧૪ નવેમ્બર સવારે ૯ થી ૫ દરમિયાન આદર્શ નિકેતન એજ્યુકેશનલ પર્ફોર્મિંગ આર્ટસ અને નર્સિંગ તેમજ સ્પોર્ટસ કેમ્પસની નવી શરૂઆત કરવામાં આવશે. આ અન્વયે યોજનારા સમારોહમાં સે-૨ સ્વામિનારાયણ મંદિરના પી પી સ્વામી આરતી કરી વેદ ઈન્ટરનેશનલ સ્કુલના નવા બિલ્ડીંગનો શુભારંભ કરાવશે. આ તબક્કે નવચંડી યજ્ઞ પણ યોજવામાં આવશે. જેના લીધે સંસ્થામાં ધો - ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. જયારે હવે નવા શૈક્ષણિક સત્રથી કે જી થી ધો -૧૦ સુધીના વિદ્યાર્થીઓને પણ શિક્ષણ આપવામા આવશે. આ અંગે માહીતી આપતા સંસ્થાના નયન ત્રિવેદી તેમજ મૌલિન ત્રિવેદીએ જણાંવ્યુ હતુ કે સંસ્થામાં અભ્યાસ કરતા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દાખલ કરેલી નવી શિક્ષણ પધ્ધતિને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓને પાયાનુ શિક્ષણ પુરુ પાડવામાં આવશે. શિક્ષણના નવા અભિગમની સાથે સંસ્થા દ્વારા સ્પોર્ટસ એકેડમી પણ કાર્યરત કરાશે. જેમાં વિદ્યાર્થીઓને ક્રીકેટ, વોલીબોલ, અને ટેબલ ટેનિસ સહીતની ઈનડોર અને આઉટ ડોર રમતોનુ પણ કોચિંગ અપાશે. આ ઉપરાંત પરફોર્મિંગ આર્ટ નામના નવા વિભાગમાં થિએટર, સંગીત , નૃત્ય , આર્ટ એન્ડ ક્રાફ્ટ સહીતની બૌધ્ધિક કલાઓનુ પધ્ધિતસરનુ જ્ઞાન પણ આપવામાં આવશે. સંસ્થામાં અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓને અગ્નિ , જળ , વાયુ આકાશ અને પૃથ્વી તેમ પાંચ તત્વોને આધારિત શિક્ષણ આપી પર્યાવરણ અંગે પણ સતત જાગૃત રાખવામાં આવશે. જયારે ડિસેમ્બર મહીનાથી નર્સિંગના વિદ્યાર્થીઓનો પણ અભ્યાસ શરૂ કરી દેવાશે.







## રાજ્યમાં કોરોનાના ૪૦ નવા કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતમાં તહેવારો ટાણે લોકોને આપેલી છૂટ હવે ભારે પડી રહી હોય તેવી સ્થિતિ ઉદભવી છે. રાજ્યમાં કોરોનાના કેસમાં ધીરે ધીરે વધારો થઈ રહ્યો છે. આજે રાજ્યમાં ૪૦ નવા કેસ સામે આવ્યા છે, જ્યારે ૨૧ દર્દી સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૬,૫૪૨ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં કોરોનાથી સાજા થવાનો દર પણ વધીને ૯૮.૭૫ ટકાએ પહોંચ્યો છે. સાંજે ચાર વાગ્યા સુધીમાં કુલ ૪,૫૭,૭૬૭ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. તહેવારોની સિઝન છતા સરકાર યુદ્ધનાં ધોરણે રસીકરણ કરી રહી છે.

જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં ૨૩૪ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૭ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૨૨૭ નાગરિકો સ્ટેબલ છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૬,૫૪૨ નાગરિકોએ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. ૧૦૦૯૦ નાગરિકોનાં અત્યાર સુધીમાં કોરોનાને કારણે મોત થઈ ચુક્યા છે.

# જિલ્લામાં સ્વચ્છતા મિશનની નબળી કામગીરીને લઈ જિલ્લાતંત્રને ઠપકો

**૧૪ જેટલા નિયત કરાયેલ પેરામીટર્સમાંથી માત્ર બે થી ત્રણ માપદંડમાં જ તંત્રની કામગીરી સારી થઈ**

ગાંધીનગર, તા. ૧૧

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં નબળી કામગીરીને લઈ વધુ એક વખત ગ્રામ વિકાસ કમિશનરે તંત્રનો કાન આમળ્યો છે.

આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગ્રામ્ય વિસ્તારમાં કચરા નિકાલની વ્યવસ્થાને લઈ કરવાની થતી કામગીરીમાં અત્યંત નબળા દેખાવની ગંભીર નોંધ ગ્રામ વિકાસ કમિશનર કચેરી દ્વારા લેવામાં આવી છે.

આ નબળી કામગીરીને લઈ જિલ્લાતંત્રને પત્ર પણ વિગતે લખવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. ૧૪ જેટલા નિયત કરાયેલ પેરામીટર્સમાંથી માત્ર બે થી ત્રણ માપદંડમાં જ તંત્રની કામગીરી સારી થઈ છે.

ગ્રામ વિકાસ કમિશનર કચેરીના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ બાબતે જિલ્લાને તાકીદ કરવામાં આવી છે અને હવે પછી થનાર રિવ્યુ બેઠકમાં વધુ એક વખત સમીક્ષા કરવામાં આવશે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સ્વચ્છતા સર્વેક્ષણ પણ હાથ ધરવામાં આવનાર છે પરંતુ નક્કર કામગીરીમાં જે તંત્રનું ઉદાસીન વલણ જોવા મળ્યું છે

ગ્રામીણ વિસ્તારનો ઓ.ડી.એફ. જાહેર કરાયા પછી પણ ખુલ્લામાં શૌચક્રીયા કરવાનું ચાલુ હોવાથી હવે દંડનીય કાર્યવાહી કરવાની સત્તાઓ આપવામાં આવે તેવી સંભાવનાઓ છે.

## રેકોર્ડ મળ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દસ્તાવેજોને ડિજિટાઈઝ કરી રહેલા યુકે પંજાબ હેરિટેજ અસોસિએશનના અધ્યક્ષ અમનદીપ માડ્રાએ જણાવ્યું કે, અનેક ગામોમાંથી ૪૦-૪૦ ટકા લોકોએ પોતાનું નામ સેનામાં નોંધાવ્યું હતું. આશરે ૪૫ હજાર રેકોર્ડ તો ફક્ત જાલંધર, લુધિયાણા અને સિયાલકોટ (હાલ પાકિસ્તાન)ના જ સૈનિકોના છે. આ રેકોર્ડ્સને પંજાબ સરકારે પ્રથમ વિશ્વ યુદ્ધની સમાપ્તિ બાદ ૧૯૧૯માં તૈયાર કરાવ્યો હતો. તેમાં ૨૬,૦૦૦ પૃષ્ઠ છે જેમાંથી કેટલાક પર છાપકામ અને કેટલાક પર હસ્તલેખ દ્વારા નામ અને બાકીની જાણકારીઓ નોંધાયેલી છે. એક અનુમાન પ્રમાણે અવિભાજિત ભારતના પંજાબ અને આસપાસના ક્ષેત્રોના આશરે ૨૫ જિલ્લાઓના ૨.૭૫ લાખ સૈનિકોના નામોનું ડિજિટાઈઝેશન ટૂંક સમયમાં જ પૂર્ણ થશે.

- પ્રથમ વિશ્વ યુદ્ધ પર બનેલી ફિલ્મ ૧૯૧૭માં શીખ સૈનિકો જોવા મળ્યા તેને અંગ્રેજ અભિનેતા લોરેન્સ ફોકસે અજીબ ગણાવ્યું હતું. જોકે બાદમાં માફી પણ માગી હતી.

- બ્રિટિશ ભારતીય ફોજમાં આશરે ૧.૩૦ લાખ શીખ સૈનિકો પ્રથમ વિશ્વ યુદ્ધમાં લડ્યા હોવાનું કહેવામાં આવે છે અને નવા સંશોધન બાદ આ આંકડો વધુ મોટો થઈ શકે છે.

- અનુમાન પ્રમાણે અંગ્રેજ સેનાનો છઠ્ઠો હિસ્સો ભારતીય હિંદુ, શીખ અને મુસલમાનો હતા. મોટા ભાગના પંજાબના તમામ ધર્મોના લોકો હતા.

## નવા સંકુલ માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માંગણીઓ પરની ચર્ચાને અંતે ઉઠાવ્યો હતો ત્યારે તત્કાલિન મંત્રી જયંતિભાઈ કવાડિયાએ ઝડપથી નિર્ણય લેવાશે તેવી ખાત્રી આપી હતી પરંતુ આ પ્રશ્ન થોડા સમય બાદ અભેરાઈએ ચડી ગયો હતો.

ગાંધીનગર જિલ્લા પંચાયતને નવીન મકાન માટે પંચાયતની સામાન્ય સભામાં પણ સાતથી વધુ વખત પ્રસ્તાવો પસાર કરવામાં આવ્યા છે પણ સરકાર દ્વારા કોઈજ પ્રતિસાદ આપવામાં આવેલ નથી.

આગના બનેલા બનાવ બાદ ભાજપના સભ્ય અનિલ પટેલે પણ એક પત્ર લખી જગ્યા ફાળવણીનો નિર્ણય ઝડપથી લેવામાં આવે તેવી રજુઆત કરી હતી.

## શહેરના પાદરે પ્રતિક મોલ પાસે પરિણિતાએ ઝેરી દવા પીધી

ગાંધીનગર, તા.૧૧

પરિણિતાના પિતાએ લગ્ન સમયે કરીયાવર આપ્યો હોવા છતા પતિ અને સાસુ દહેજની માંગ કરી રહ્યા હતા. પરિણિતાને અનેકવાર ઘરસંસાર અંગે શારીરીક તથા માનસિક ત્રાસ આપીને ગાળાગાળી કરીને મારઝુડ કરતા હતા. આખરે કંટાળીને પરિણિતાએ કુડાસણ પ્રતિક મોલ પાસે ઝેરી દવા પી લીધી હતી. જો કે પરિણિતાને તાત્કાલીક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવતા તેણીનો જીવ બચી ગયો છે.બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરને અડીને આવેલા ગામની દિકરીના લગ્ન સમાજના રિત-રિવાજ મુજબ માણસા તાલુકાના અંબોડ ગામે અમરસિંહ ભગવતસિંહ ચાવડા સાથે થયા હતા. લગ્ન સમયે પરિણિતાને તેના પિતાએ દાગીના તેમજ ઘરવખરીનો સામાન અને કરીયાવર આપ્યો હતો. લગ્ન પછી તે સાસરીમાં રહેવા માટે આવી હતી. પરિણિતાના પતિ રીક્ષા ચલાવે છે.જયારે તેના સસરા વર્ષો અગાઉ અવસાન થયું છે. સાસરીપક્ષે પરિણિતા, પતિ અને સાસુ ત્રણ જ હતા. લગ્નના પ્રારંભિક જીવનમાં તેણીને સારી રીતે રાખ્યા બાદ તેના પતિ અને સાસુ વારંવાર પિયરમાંથી રૂપીયા લઈ આવવા માટે ત્રાસ આપતા હતા. ત્યારે પિતાની પણ આર્થિક સ્થિતિ સારી ન હોવાથી તેણી માટે પિયરમાંથી રૂપીયા લાવવાનું મુશ્કેલ હતું. ઘરકંકાસ વધી જતા કાજલ રિસાઈને પિયર રહેવા માટે આવી ગઈ હતી. ત્યારબાદ પિતા તેને સમજાવી પરત સાસરી મુકી ગયા હતા. તાજેતરમાં પરિણિતાને સાસુ વિલાસબાએ ઝઘડો કરીને ગાળો બોલી હતી. જેથી મનમા લાગી આવતા પરિણિતા સાસરીથી નીકળી ગઈ હતી. પેથાપુર આવીને મેડીકલ સ્ટોરમાંથી ઉધઈ મારવાની દવા ખરીદી કુડાસણ પ્રતિ મોલ પાસે આવીને દવા પી લીધી હતી. દવાની અસર થતા તેણી નીચે ઢળી પડી હતી. તે સમયે પસાર થતા એક રાહદારીની નજર પડતા તેને પુછપરછ કરતા પરિણિતાએ પોતાની ઓળખ આપીને તેના પિતાનો મોબાઈલ નંબર આપ્યો હતો. જેથી રાહદારીએ તેના પિતાને ફોન કરીને જાણ કરતા તેઓ તાત્કાલીક આવી પહોંચ્યા હતા અને દિકરીને ખાગની દવાખાનામાં સારવાર માટે લઈ ગયા હતા. જયા સમયસર સારવાર મળતા પરિણિતાનો જીવ બચી ગયો હતો. જયારે પરિણિતાની ફરીયાદને પગલે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સાંતેજ દુષ્કર્મના આરોપીની લૂંટ-ખૂની કોશિષના વધુ ૬ ગુનાની કબૂલાત

ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગર જિલ્લાના સાંતેજ વિસ્તારમાં નાની બાળકીઓ પર દુષ્કર્મ અને હત્યા કરનાર આરોપી વિજય ઠાકોરને પોલીસે દબોચી લીધો છે. ત્યારે પોલીસના રિમાન્ડ દરમિયાન તેણે નાની બાળકી પર દુષ્કર્મ તેમજ સાંતેજ, કલોલ અને કડી સહિતના વિસ્તારમાં લુંટ, ખુનની કોશિશ સહિતના ૬ ગુનાની કબુલાત કરતા પોલીસ પણ ચોંકી ઉઠી છે.

મળતી વિગત મુજબ આરોપી વિજય ઠાકોરે ગત તા. ૨૭મી ઓકટોબરના રોજ મોટી ભોંયણ ગામે છાપરામાં સુઈ રહેલી ૧૦ વર્ષની બાળકી સાથે પણ દુષ્કર્મ આચર્યું હતું. ગુનો આચરી વિજય ફરીવાર આ વિસ્તારમાં જ શિકારની શોધમાં ગયો હતો. જયાં એક છાપરાનો દરવાજો ખોલ્યો હતો. પરંતુ એક વૃધ્ધા જાગી જતા તેનો ઈરાદો પાર પડ્યો ન હતો. જેથી આરોપીએ ગુસ્સામાં વૃધ્ધાના હાથે ધોકો મારી નાસી ગયો હતો. આ ઉપરાંત વિજય ઠાકોરે કબુલાત કરી હતી કે પાંચ માસ અગાઉ વડસર ગામની સીમમાં ખેતરમાં કામ કરતી મહિલા પર જીવલેણ હુમલો કરી તેના શરીર પરથી ચાંદીના દાગીના લુંટી ભાગી ગયો હતો. જયારે કલોલ તાલુકા વિસ્તારમાં સાયોના કંપની નજીક એક મહિલા પર ધોકા વડે હુમલો કરી ચાંદીના દાગીના લુંટી લીધા હતા. તે ઉપરાંત કડી તાલુકાના કરણનગરની સીમમાં પણ મહિલા પર દાંતરડા વડે હુમલો કરી બેભાન કરી ચાંદીના દાગીના લુંટી લઈ નાસી ગયો હતો. જયારે ત્રણ મહિના પહેલા સાંતેજ ગામની સીમમાં ડફલોન ઈન્ડ્રસ્ટ્રીઝની બાજુમાં અવાવરુ જગ્યાએ પશુઓ ચરાવતી એકલી મહિલાને માથામાં પથ્થર મારી ચાંદીના કડલાની લુંટ કરી હતી.


**GUJARAT METRO RAIL CORPORATION (GMRC) LIMITED**

(SPV of Govt. of India and Govt. of Gujarat)
Block No.1, First Floor, Karmayogi Bhavan, Sector 10/A,
Gandhinagar: 382010, Gujarat. (CIN): U60200GJ2010SGC059407

આપણી મેટ્રો

**TENDER NOTIFICATION No.: GMRC/ADMIN/03/R/2021**
**Date: 12.11.2021**

E-Tender is invited from reputed and experienced agencies for the following tender :

| Tender Name | Tender Fees |
|---|---|
| "Supply of Tea/Coffee Raw Materials at GMRC Offices" | INR 5000/- |

Interested bidders are requested to visit **https://gmrc.nprocure.com** for eligibility criteria, applying/ downloading the tender document. **The last date and time for Bid Submissions of Tender is 15:00 Hrs on 03.12.2021.**

Any alterations in Eligibility Criteria cum Qualification Requirements, and terms of the Tender Document, or any amendment to the Tender Document, etc, will be uploaded on **https://gmrc.nprocure.com** and GMRC's Website **www.gujaratmetrorail.com** without any obligation or press notification or other proclamation.

**Sd/-**
**Managing Director,**
**GMRC, Gandhinagar**



**જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ, મોડાસા**
**જાહેર નિવિદા નં. ૧૦ સને ૨૦૨૧-૨૨**

યુનિટ મેનેજરશ્રી, જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ અરવલ્લી, પટેલ આર્કેડ, હનુમાન દાલબાટીની સામે, હજીરા વિસ્તાર, મું.પો.તા. મોડાસા, જી. અરવલ્લી. ફોન નં. ૦૨૭૭૪-૨૪૬૦૩૧ પીન-૩૮૩૩૧૫ દ્વારા અધ્યક્ષશ્રી ગ્રામ્ય જળ અને સ્વચ્છતા સમિતિઓ વતી ઈ-૨ ક્લાસ તથા તેનાથી ઉપરના લાગુ પડતા ક્લાસનું રજીસ્ટ્રેશન ધરાવતા ઠેકેદારો પાસેથી અરવલ્લી જીલ્લાના બાયડ, ધનસુરા, ભિલોડા, માલપુર અને મેઘરજ તાલુકાના ગામો ખાતે જલ જીવન મિશન અંતર્ગત પાઈપલાઈન, પમ્પીંગ મશીનરી, ઉંચી ટાંકી, સંપ, ઘરજોડાણ, મીનીપોકેટ અને ભીતસુત્રો અને પારદર્શકતા બોર્ડના કામના કુલ (૮) કામોના ટેન્ડર "ઈ ટેન્ડરીંગ" પધ્ધતિથી ભાવો મંગાવવામાં આવે છે જેની અંદાજીત કિંમત રૂ. ૫.૫૭ લાખથી રૂ. ૧૭૬.૪૩ લાખ સુધીના કુલ રૂ. ૩૮૫.૪૮ લાખ થાય છે.

| ક્રમ | ટેન્ડર આઈ.ડી. | પ્રયત્ન | ઓનલાઈન ભરવાની છેલ્લી તારીખ | જરૂરી ફીઝીકલ સબમીશનના ડોક્યુમેન્ટ તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ૪૯૦૯૮૦ | પ્રથમ | ૨૪/૧૧/૨૧ | ૨૫/૧૧/૨૧ |
| ૨ | ૪૯૦૯૮૧ | પ્રથમ | ૨૪/૧૧/૨૧ | ૨૫/૧૧/૨૧ |
| ૩ | ૪૯૦૯૮૨ | પ્રથમ | ૨૪/૧૧/૨૧ | ૨૫/૧૧/૨૧ |
| ૪ | ૪૯૦૯૮૩ | પ્રથમ | ૨૪/૧૧/૨૧ | ૨૫/૧૧/૨૧ |
| ૫ | ૪૯૦૯૮૪ | બીજો | ૧૭/૧૧/૨૧ | ૧૮/૧૧/૨૧ |
| ૬ | ૪૯૦૯૮૫ | બીજો | ૦૧/૧૨/૨૧ | ૦૨/૧૨/૨૧ |
| ૭ | ૪૯૦૯૮૬ | બીજો | ૧૭/૧૧/૨૧ | ૧૮/૧૧/૨૧ |
| ૮ | ૪૯૦૯૮૭ | બીજો | ૧૭/૧૧/૨૧ | ૧૮/૧૧/૨૧ |

● ટેન્ડર ઓનલાઈન ભરવાનો સમય ૧૮.૦૦ કલાક સુધી

આમ ઉપર મુજબના ટેન્ડર ઓનલાઈન મંગાવવામાં આવે છે. જરૂરી ફીઝીકલ સબમીશનના ડોક્યુમેન્ટ ૧૬.૦૦ કલાક સુધી આર.પી.એ.ડી./ સ્પીડ પોસ્ટ/ કુરીયર દ્વારા સાદર કરવાના રહેશે. ઉક્ત કામો માટે ઈ ટેન્ડરીંગ પધ્ધતિથી ટેન્ડર મંગાવવામાં આવે છે. એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો આબાધિત અધિકાર સંબંધિત ગામની પાણી સમિતિને રહેશે. ટેન્ડર અંગેની વધુ વિગતો વેબસાઈટ www.nprocure.com પર ઉપલબ્ધ છે. ટેન્ડર અન્વયે જરૂરી ફેરફાર/ સુધારાની વિગતો માત્ર ઓનલાઈન જોઈ શકાશે.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગ.વ્ય.બોર્ડના હેલ્પલાઈન નં. ૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

નામાનિ/ કિંમત/ ૪૧૭/ ૨૦૨૧



**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**

ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧